# રાજ્યની તિજોરીને 4000 કરોડનું નુકસાન

CAG

**વિધાનસભામાં રજૂ થયો વર્ષ 23-24ના નાણાકીય વર્ષનો CAGનો રિપોર્ટ**

ગાંધીનગર : આજે ગુજરાત વિધાનસભામાં રજૂ થયેલા CAG (કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ) ના માર્ચ 2024ના નાણાકીય વર્ષના અંતિમ રિપોર્ટમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં ગંભીર નાણાકીય ક્ષતિઓ અને વહીવટી બેદરકારીઓ સામે આવી છે. GST વસૂલાતથી લઈને પરિવહન અને વન વિભાગ સુધી, રાજ્ય સરકારની તિજોરીને અંદાજિત 4000 કરોડનું નુકસાન, ઓછી વસૂલાતનો સામનો કરો પડયો છે.

## મુખ્ય વિભાગોની ગંભીર ગેરરીતિઓ

**1. નાણા વિભાગ (GST)**

GST ચુકવણી અને રિટર્ન ફાઈલિંગમાં દેખરેખના અભાવે અંદાજે રૂ.1,234.71 કરોડની વિસંગતતાઓ જોવા મળી છે. ઓડિટમાં 291 કેસોમાં કાયદાકીય જોગવાઈઓનું ઉલ્લંઘન જોવા મળ્યું છે, જેમાં રૂ.2,606.62 કરોડની રકમ સંકળાયેલી છે.

**2. મહેસૂલ વિભાગ**

જંત્રીના ખોટા દરો અને મિલકતના અવમૂલ્યન જેવી ભૂલોને કારણે સ્ટેમ્પ ડ્યૂટી અને નોંધણી ફીમાં કરોડોની ઓછી વસૂલાત થઈ છે.

ખોટા જંત્રીના દરોની અરજી અથવા તો વિસ્તારને ખોટી રીતે અપનાવવાના કારણે મિલકતના અવમૂલ્યનના કારણે 126 દસ્તાવેજોમાં 12.18 કરોડની સ્ટેમ્પ ડ્યૂટીઓછી વસૂલાઈ છે.

એક દસ્તાવેજની અંદર અનેક અલગ અલગ બાબતોને લગતા આઠ દસ્તાવેજોમાં 1.12 કરોડની સ્ટેમ્પ ડ્યૂટી અને 10.6 લાખની નોંધણી ફીની ઓછી વસૂલાત થઈ છે.

દસ્તાવેજના ખોટા વર્ગીકરણને કારણે બે દસ્તાવેજોમાં 66.26લાખની સ્ટેમ્પ ડ્યૂટી અને 2.54 લાખની નોંધણી ફીની વસૂલાત ઓછી થઈ છે.

કૃષિની જમીનને જૂના કાર્યકાળમાં રૂપાંતરિત કરવાના કિસ્સામાં 173 કેસોમાં 55.16 કરોડના પ્રીમીયમની બિન - ઓછી વસૂલાત થઈ છે.

કૃષિથી બિન કૃષિ હેતુમાં જમીનના ઉપયોગમાં ફેરફાર કરવા અને સરાકરી જમીનનો આગોતરો કબ્જો આપતી વખતે 11 કિસ્સામાં 37.16 લાખના રૂપાંતર કરની બિન - ઓછી વસૂલાત થઈ છે.

## CAG દ્વારા કરવામાં આવેલી મહત્વની ભલામણો

● ડિજિટલ વેલિડેશન: VAHAN અને SARATHI પોર્ટલમાં 'નોન-બાયપાસેબલ' ઓટોમેટેડ વેલિડેશન સિસ્ટમ દાખલ કરવી. ● ઈ-ડિટેક્શન: ટોલ પ્લાઝા પર આઈ-ડિટેક્શનનો લાભ લઈ એક્સપાયર ફિટનેસ અને પરમિટવાળા વાહનોને પકડવા રાજ્યવ્યાપી અભિયાન શરૂ કરવું. ● કડક દેખરેખ: GST રજિસ્ટ્રેશન રદ કરવા અને ટેક્સ વસૂલાત માટે સમયમર્યાદાનું ચુસ્ત પાલન કરવું. ● સેન્ટ્રલ મોનિટરિંગ: જપ્ત કરાયેલા વાહનોના નિકાલ માટે કેન્દ્રીય મોનિટરિંગ અને હરાજી સેલની સ્થાપના કરવી.

## સુરતમાં 62.39 લાખ વધારાનો વીજળી ખર્ચ ચૂકવવો પડયો

11 કામોમાં ખોટી ગણતરીઓના કારણે 4.74 કરોડની વધુ ચુકવણી કરાઈ છે. વિભાગે પ્રોજેક્ટ પૂર્ણ કરવાના સમયરેખા લંબાવતા કોન્ટ્રાક્ટરને 2.40 કરોડની રકમ બોનસ ચૂકવ્યુ હતું. બે પ્રોજેક્ટમાં ટેન્ડરને અંતિમ સ્વરૂપ ન આપવાને કારણે 2.21 કરોડનો ખર્ચ વધ્યો હતો. વધુ વળાંકો પર રસ્તા પહોળા કરવાની જોગવાઈ કરી હતી. જેના કારણે 1.62 કરોડની ટાળી શકાય તેવી ચૂકવણી કરી હતી. સોલાર ફોટો વોલ્ટેઈક સિસ્ટમને કાર્યરત બનાવવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં વિલંભને કારણે માર્ગ મકાન ઈલે. ડિવિઝન સુરતને 62.39 લાખનો ટાળી શકાય તેવો વીજળી ચાર્જ ચૂકવવો પડયો છે.

**ભાજપ દ્વારા 19 સભ્યોની નવી પાર્લામેન્ટરી બોર્ડની જાહેરાત**

# પાટીલે કોરાણે મૂકેલાનો નવી પાર્લામેન્ટરી બોર્ડમાં સમાવેશ

**સુરત** જિલ્લા અને શહેરના પાંચ અગ્રણીઓની પસંદગીથી નવી બોર્ડમાં સુરતનો દબદબો

### 11 સભ્યોની કોર કમિટી

તાજેતરમાં કેન્દ્રિય નેતાગીરી સાથે પરામર્શ બાદ ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ ગુજરાત આગામી સમયમાં આવનારી ચૂંટણીને ધ્યાને રાખીને સંગઠનાત્મક નિર્ણયો માટે અત્યંત મહત્વની એવી 'પ્રદેશ ચૂંટણી સમિતિ'(કોર ગ્રુપ) ના સભ્યોની જાહેરાત આગાઉ કરી હતી. આ 11 સભ્યોની કોર કમિટીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, ઉપરાંત, કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલ અને રાજ્યના ડે સીએમ હર્ષ સંઘવીને પણ આ મહત્વની સમિતિમાં સ્થાન આપવામાં આવ્યું છે. સંગઠનના સ્તરે મજબૂત પકડ ધરાવતા પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરને પણ આ યાદીમાં સમાવેશ કરાયો છે. અન્ય સભ્યોમાં રાજ્ય મંત્રીમંડળના દિગ્ગજ નેતાઓ જેવા કે જીતુ વાઘાણી, ઋષિકેશ પટેલ અને દર્શનાબેન વાઘેલાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પૂર્વ મંત્રીઓ અને અનુભવી નેતાઓ જેવા ગણપતસિંહ વસાવા, પ્રદીપસિંહ જાડેજા અને આઈ. કે. જાડેજાને પણ સમિતિમાં લઈને પક્ષે અનુભવને પ્રાધાન્ય આપ્યું છે.આ પ્રદેશ ચૂંટણી સમિતિ હવે પછીની તમામ ચૂંટણીઓમાં ઉમેદવારોની પેનલ નક્કી કરવાથી લઈને પક્ષની વ્યૂહરચના ઘડવા સુધીની મહત્વની કામગીરી સંભાળશે. આ જાહેરાત સાથે જ ભાજપે આગામી સમયની રાજકીય રણનીતિ માટે પોતાના મેદાન તૈયાર હોવાના સ્પષ્ટ સંકેત આપી દીધા છે.

ગાંધીનગર : આજે ગાંધીનગરમાં સીએમ ભૂપેન્દ્ર પટેલ તથા પ્રદેશ ભાજપના અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં પાર્ટીની કોર કમિટીની મહત્વની બેઠક મળી હતી. જેમાં આગામી નજીકના સમયમાં જાહેર થનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની ચર્ચા કરાઈ હતી.

ખાસ કરીને આ બેઠકમાં ચર્ચા થયા મુજબ જગદીશ વિશ્વકર્માએ આજે ભાજપના પાર્લામેન્ટરી બોર્ડની જાહેરાત પણ કરી દીધી હતી.જોકે, નવી પાર્લામેન્ટરી બોર્ડમાં જેમને ભૂતકાળમાં સીઆર પાટીલના સમયમાં કોરાણે મૂકી દેવાયા હતા તેવા ગણપતસિંહ વસાવાથી માંડીને ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સહિતના નેતાઓને સ્થાન આપવામાં આવ્યું હતું. નવી બોર્ડમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીથી માંડીને દર્શના જરદોશ અને અંજુ વેકરીયાના સમાવેશને કારણે સુરતનો દબદબો જોવા મળ્યો છે.

ભાજપની નવી પાર્લામેન્ટરી બોર્ડમાં સીએમ ભૂપેન્દ્ર પટેલ, ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, ડે સીએમ હર્ષ સંઘવી, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર, પૂર્વ ડે સીએમ નીતિન પટેલ, પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, વર્તમાન મંત્રી પ્રદ્યુમન વાજા, દર્શનાબેન જરદોશ , બાબુ બોખીરિયા, રાજેશ ચુડાસમા, નટુજી ઠાકોર , ગણપતસિંહ વસાવા, અંજુબેન વેકરિયાનો સમાવેશ કરાયો છે.

જયારે વિશેષ આમંત્રિત સભ્યોમાં સી આર પાટીલ , પરષોત્તમ રૂપાલા, આર સી ફળદુ, જીતુ વાઘાણીનો સમાવેશ કરાયો છે.

જયારે આમંત્રિત સભ્યોમાં જયશ્રીબેન પટેલ અને વર્ષાબેન દોશીનો સમાવેશ કરાયો છે. નવી બોર્ડમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી અને સુરતના પૂર્વ સાંસદ દર્શના જરદોશનો સમાવેશ આશ્ચર્યજનક રહ્યો છે.

**સુરતમાં GUJCET-2026 માટે તૈયારી**

# ગુજકેટમાં રાજ્યમાં સૌથી વધુ 20,114 વિદ્યાર્થી સુરતના

**101 કેન્દ્ર પર આયોજન, ગ્રામ્ય વિદ્યાર્થીઓને સમય પહેલાં પહોંચવા ખાસ અપીલ**

### પરીક્ષા માટેના મહત્વના નિયમો

- » પરીક્ષાખંડમાં મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, ટેબ્લેટ અથવા કોઈપણ ઈલેક્ટ્રોનિક ગેજેટ લાવવા પર સખત પ્રતિબંધ છે
- » સાયન્ટિફિક કેલ્ક્યુલેટર પણ મંજૂર નથી
- » માત્ર સાદું કેલ્ક્યુલેટર અને બોલપેન લઈ જવાની પરવાનગી છે

### વિદ્યાર્થીઓ માટે હેલ્પલાઈન સુવિધા

વિદ્યાર્થીઓ અને વાલીઓની મદદ માટે ગાંધીનગર ખાતે 24 કલાક કાર્યરત સ્ટેટ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. 28 માર્ચથી ઉપલબ્ધ આ હેલ્પલાઈન નંબર (079-23220538) પર માર્ગદર્શન મેળવી શકાય છે.

સુરતઃ સુરત શહેર ફરી એકવાર શિક્ષણ ક્ષેત્રે રાજ્યમાં આગવું સ્થાન મેળવી રહ્યું છે. તા. 29 માર્ચ, રવિવારે યોજાનારી GUJCET-2026 પરીક્ષા માટે રાજ્યમાં સૌથી વધુ 20,114 વિદ્યાર્થી સુરત શહેરમાં પરીક્ષા આપવાના છે. તેમાં 8,820 વિદ્યાર્થિની અને 11,294 વિદ્યાર્થીનો સમાવેશ થાય છે.

આ પરીક્ષા માટે શહેરમાં 101 બિલ્ડિંગમાં 1008 બ્લોકની વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી સુવ્યવસ્થિત રીતે પરીક્ષા પૂર્ણ થઈ શકે. વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ગ્રુપ-'એ'(ગણિત)માં 10,234, ગ્રુપ-'બી'(જીવવિજ્ઞાન)માં 9,836 અને ગ્રુપ-'એબી'માં 44 વિદ્યાર્થીઓ નોંધાયા છે. પરીક્ષા સમય મુજબ સવારે 10:00 થી 12:00 દરમિયાન ફિઝિક્સ અને કેમિસ્ટ્રી, બપોરે 1:40 થી 2:40 સુધી ગણિત અને સાંજે 4:00 થી 5:00 દરમિયાન બાયોલોજીનું પેપર લેવાશે. ભાષા મુજબ જોવામાં આવે તો ગુજરાતી માધ્યમમાં 10,199, અંગ્રેજીમાં 9,601 અને હિન્દીમાં 314 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોના વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્ર શહેરમાં હોવાને કારણે સમય કરતાં થોડું વહેલું પહોંચવા અપીલ કરવામાં આવી છે, જેથી તેઓ કોઈપણ પ્રકારની મુશ્કેલીથી બચી શકે.

# દેશના વિકાસમાં યુનિવર્સિટીઓ હવે સીધી ભાગીદાર થશેઃ UCC

**ડેટા** અને મોબાઇલ જર્નાલિઝમ જેવા અભ્યાસક્રમોનો સમાવેશ કરાશે

**પ્રોફેસરો** અને વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી રહેશે

સુરતઃ દેશની ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થાને નવી દિશા આપવા માટે UGC એ મહત્વપૂર્ણ અને વ્યાપક નિર્ણય લીધો છે. હવે દેશની તમામ યુનિવર્સિટીઓ અને કોલેજોને માત્ર શૈક્ષણિક પ્રવૃત્તિઓ પૂરતી મર્યાદિત ન રાખી, પરંતુ દેશના વિકાસમાં સીધી રીતે જોડાવા માટે દિશાનિર્દેશો આપવામાં આવ્યા છે.

UGCના નવા માર્ગદર્શનમાં ખાસ કરીને પત્રકારત્વ (જર્નાલિઝમ) ના અભ્યાસક્રમમાં મોટા ફેરફારો કરવાનો નિર્ણય લેવાયો છે. પરંપરાગત અભ્યાસક્રમને બદલે હવે આધુનિક સમયમાં જરૂરી બનતા વિષયો જેમ કે ડેટા જર્નાલિઝમ, ફેક્ટ-ચેકિંગ, મોબાઈલ જર્નાલિઝમ, મીડિયા એથિક્સ અને કાયદા સાથે પોડકાસ્ટ અને વિડિયો એડિટિંગ જેવા સ્કિલ્સને મહત્વ આપવામાં આવ્યું છે.

આ બદલાવને શિક્ષણ ક્ષેત્રમાં સર્જિકલ સ્ટ્રાઈક તરીકે પણ જોવામાં આવી રહ્યો છે, જે વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ અને ટેક્નોલોજી આધારિત બનાવશે. આ સાથે જ UGCએ યુનિવર્સિટીઓને કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયોના સર્વેક્ષણોમાં ફરજિયાત રીતે જોડાવા સૂચના આપી છે. ટખાસ કરીને મિનિસ્ટ્રી ઓફ સ્ટેટસ્ટીક એન્ડ પ્રોગ્રામ ઈમપ્લીમેન્ટેશન અને મિનિસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમેલી વેલફેર દ્વારા થતા રાષ્ટ્રીય સ્તરના સર્વેમાં હવે પ્રોફેસરો અને વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી રહેશે.

**ગુજરાતની શહેરી વિકાસયાત્રાનાં ૨૦ વર્ષ**

# પીએમ મોદી આગામી ૩૧ માર્ચે ગુજરાત આવશે

**કરોડો** રૂપિયાનાં વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે

ગાંધીનગર : પીએમ નરેન્દ્ર મોદી આગામી ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આ મુલાકાત દરમિયાન તેઓ રાજ્યમાં શહેરી વિકાસના વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૫માં તત્કાલીન મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ 'શહેરી વર્ષ'ની જે શરૂઆત કરી હતી, તેને ૨૦ વર્ષ પૂર્ણ થતા વર્ષ ૨૦૨૫ને રાજ્ય સરકાર દ્વારા 'શહેરી વિકાસ વર્ષ' તરીકે ઉજવવામાં આવી રહ્યું છે.

સ્માર્ટ સિટી મિશન અંતર્ગત રાજ્યના ૬ શહેરોમાં ૧૧,૫૦૭ કરોડના ખર્ચે ૩૫૭ પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવામાં આવ્યા છે. વહીવટી કાર્યક્ષમતા વધારવા માટે નડિયાદ, મોરબી, આણંદ અને મહેસાણા સહિત કુલ ૯ નવી મહાનગરપાલિકાઓની જાહેરાત કરાતા હવે રાજ્યમાં કુલ ૧૭ મહાનગરપાલિકાઓ કાર્યરત થઈ છે. વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં શહેરી વિકાસ માટે ૩૩,૫૦૪ કરોડની ઐતિહાસિક જોગવાઈ કરવામાં આવી છે. રેલવેની વાત કરીએ તો અમદાવાદ મેટ્રો ફેઝ-૨ પૂર્ણ થયો છે અને સુરત મેટ્રોનું કામ ઝડપથી આગળ વધી રહ્યું છે.

વંદે ભારત અને બુલેટ ટ્રેન પ્રોજેક્ટ રાજ્યની પરિવહન વ્યવસ્થાને આધુનિક બનાવી રહ્યા છે. ઉપરાંત 'નમોશક્તિ' (૪૩૦ કિમી) અને 'સોમનાથ-દ્વારકા' (૬૮૦ કિમી) જેવા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વેની જાહેરાત કરવામાં આવી છે. દ્વારકાનો 'સુદર્શન સેતુ' એન્જિનિયરિંગનો ઉત્તમ નમૂનો સાબિત થયો છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### PNG પ્રાપ્ય હોય...

આ પગલાને 'આફતને અવસરમાં બદલવા' સમાન ગણાવ્યું છે, જે દેશની ઉર્જા સુરક્ષાને મજબૂત કરશે. બીજી તરફ, સોશિયલ મીડિયા પર ચાલી રહેલી અફવાઓ અંગે સરકારે સ્પષ્ટતા કરી છે કે એલપીજી રિફિલ બુકિંગના સમયમર્યાદામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. શહેરી વિસ્તારોમાં 25 દિવસ અને ગ્રામીણ વિસ્તારોમાં 45 દિવસ પછી જ નવો સિલિન્ડર બુક કરી શકાશે તે નિયમ યથાવત છે. સરકારે નાગરિકોને ગભરાટમાં આવીને બુકિંગ ન કરવા અને અફવાઓથી દૂર રહેવા અપીલ કરી છે.

### આર્જેન્ટિનાએ LPGની...

જ આર્જેન્ટિનાએ ભારતને 50,000 ટન એલપીજીની નિકાસ કરી છે, જે 2025ના આખા વર્ષની નિકાસ (22000 ટન) કરતા બમણાથી પણ વધુ છે. આમાંથી 39000 ટન જથ્થો ભારતના કિનારે પહોંચી પણ ગયો છે. આર્જેન્ટિનાના રાજદૂત મારિયાનો ઓગસ્ટિન કૌસિનોએ જણાવ્યું હતું કે, તેમના દેશ પાસે ગેસનો વિપુલ ભંડાર છે અને તેઓ ભારતની ઉર્જા સુરક્ષામાં મોટી ભૂમિકા ભજવવા તૈયાર છે. ભારત અત્યારે આર્જેન્ટિના સહિત 41 દેશોમાંથી ઉર્જા સ્ત્રોતો મેળવવાના પ્રયાસો કરી રહ્યું છે.

જોકે, આ ભાગીદારીમાં અંતર એક મોટો પડકાર છે. આર્જેન્ટિનાના બાહિયા બ્લેન્કા પોર્ટથી ગુજરાતના દહેજ પોર્ટ* સુધીનું અંતર લગભગ 20,000 કિલોમીટર છે, જે પરિવહન ખર્ચ અને સમય વધારે છે. તેમ છતાં, વ્યૂહાત્મક રીતે આ સંબંધ ભારત માટે ખૂબ મહત્વનો છે કારણ કે તે પરંપરાગત ખાડી દેશો પરની નિર્ભરતા ઘટાડે છે. બીજી તરફ, ભારત સરકારે સ્થિતિને પહોંચી વળવા કોમર્શિયલ એલપીજી ક્વોટામાં 20%નો વધારો કર્યો છે અને લોકોને પાઈપ્ડ નેચરલ ગેસ (પીએનજી) પર સ્વિચ કરવા પ્રોત્સાહિત કરી રહી છે.

### અમેરિકાના શાંતિ...

મજાક ઉડાવી હતી. તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું કે બંને દેશો વચ્ચે કોઈ પણ પ્રકારની વાતચીત ચાલી રહી નથી. ઝોલ્ફાઘારીએ અમેરિકા પર કટાક્ષ કરતા કહ્યું કે, 'શું તમારા આંતરિક ઝઘડા એટલી હદે વધી ગયા છે કે તમે તમારી જાત સાથે જ વાટાઘાટો કરી રહ્યા છો?' તેમણે વધુમાં ઉમેર્યું કે ઈરાન ક્યારેય અમેરિકા સાથે સમજૂતી કરશે નહીં અને અમેરિકાની કહેવાતી 'વ્યૂહાત્મક શક્તિ' હવે 'વ્યૂહાત્મક નિષ્ફળતા'માં ફેરવાઈ ગઈ છે. ઈરાની પ્રવક્તાએ ટ્રમ્પ પ્રશાસનને ચેતવણી આપી હતી કે તેઓ પોતાની હારને 'સમજૂતી' તરીકે રજૂ કરવાનું બંધ કરે, કારણ કે ખાલી વચનોનો યુગ હવે પૂરો થઈ ગયો છે.

### ઇઝરાયેલે ઈરાન...

હુમલા થયા હોવાના અહેવાલ છે. સાઉદી અરેબિયાએ તેના તેલ સમૃદ્ધ પૂર્વી પ્રાંતમાં ઈરાનના 8 ડ્રોન તોડી પાડ્યા છે. આ યુદ્ધમાં અત્યાર સુધીમાં ઈરાનમાં 1500થી વધુ અને ઇઝરાયેલમાં 16 લોકોનાં મોત થયાં છે, જ્યારે લેબેનોનમાં મૃત્યુઆંક 1000ને પાર કરી ગયો છે. અમેરિકાના પણ 13 સૈનિકો આ સંઘર્ષમાં શહીદ થયાં છે.

### વિશ્વનું ધ્યાન...

સ્થિતિનો અભ્યાસ કરે છે અને ખનિજોની શોધ કરે છે. મહત્વપૂર્ણ વાત એ છે કે, સર્વેક્ષણ કરાયેલા ઘણા વિસ્તારો ભારતના સબમરીન ઓપરેટિંગ રૂટની નજીક છે.

આ તફાવત મહત્વપૂર્ણ છે. સમુદ્રતળના આકારનો અભ્યાસ કરીને, શી યાન જહાજો પાણીની અંદરના નકશા બનાવવામાં ખૂબ જ વિગતવાર મદદ કરી શકે છે. દા યાંગ જહાજો એક ડગલું આગળ વધે છે, નીચે શું છે તેનું ખોદકામ અને વિશ્લેષણ કરે છે. આવા ડેટાનું સ્પષ્ટ દ્વિ-ઉપયોગ મૂલ્ય ધરાવે છે, જેમાં સબમરીન યુદ્ધમાં, પાણીની અંદરના ભૂપ્રદેશને સમજવાથી સંભવિત છુપાયેલા સ્થળો, નેવિગેશન કોરિડોર અને સર્વેલન્સ બ્લાઈન્ડ ઝોન ઓળખવાનું ખૂબ સરળ બને છે.

### સોનિયા ગાંધીની...

આવી છે. સૂત્રોએ અગાઉ જણાવ્યું હતું કે, ગાંધી અસ્વસ્થ હતા, કદાચ હવામાનમાં ફેરફારને કારણે અને તેમને નિરીક્ષણ માટે દાખલ કરવામાં આવ્યા હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે, ચિંતાનું કોઈ કારણ નથી અને તેમની હાલત ગંભીર નથી.

### સિક્કિમમાં અનેક...

કરવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. અધિકારીઓએ ઉમેર્યું હતું કે, હવામાનની સ્થિતિને ધ્યાનમાં રાખીને રસ્તાઓ સંપૂર્ણ સુરક્ષિત જાહેર થયા બાદ જ પ્રવાસની મંજૂરી આપવામાં આવશે. આ પરિસ્થિતિને જોતા કેટલાક પ્રવાસીઓએ પોતાનો પ્રવાસ રદ કરીને ગંગટોક પરત ફરવાનું પસંદ કર્યું છે.

બીજી બાજુ લાચુંગ જતો રસ્તો જે મંગળવારે રાત્રે બંધ થયો હતો, તેને સાફ કરી દેવામાં આવ્યો છે અને ત્યાં ફસાયેલા પ્રવાસીઓને બુધવારે સવારે સુરક્ષિત રીતે ગંગટોક મોકલી દેવામાં આવ્યા છે. નોંધનીય છે કે, 2023માં આવેલા ભયાનક પૂર બાદ લાચેનનો આ માર્ગ લાંબા સમય પછી હજુ ગત 9 માર્ચના રોજ જ ફરીથી ખોલવામાં આવ્યો હતો. હાલમાં ભારે હિમવર્ષાને કારણે ત્સોમગો લેક અને નાથુલા જેવા મુખ્ય પ્રવાસી સ્થળો પણ બંધ રાખવામાં આવ્યા છે.

### સરકાર ઇમિગ્રેશન...

થયેલી આ યોજનાને 2025માં ઘડાયેલા નવા ઈમિગ્રેશન અને ફોરેનર્સ એક્ટ મુજબ વધુ અનુકૂળ બનાવવામાં આવશે. આગામી તબક્કામાં આધુનિક ટેકનોલોજી, મોબાઈલ આધારિત સેવાઓ અને સેલ્ફ-સર્વિસ કિઓસ્ક પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

હાલમાં આ સિસ્ટમ દેશભરના 117 ઈમિગ્રેશન પોસ્ટ અને 800થી વધુ પોલીસ યુનિટને જોડે છે. પાછલા પાંચ વર્ષમાં ઈ-વિઝાની 91 ટકા અરજીઓ માત્ર 72 કલાકમાં પ્રોસેસ થઈ છે, અને ઈમિગ્રેશન ચેકપોસ્ટ પર પેસેન્જર ક્લિયરન્સનો સમય 5-6 મિનિટથી ઘટીને હવે અઢી થી ત્રણ મિનિટ થઈ ગયો છે. 'ટ્રસ્ટેડ ટ્રાવેલર પ્રોગ્રામ' હેઠળ ઈ-ગેટ્સના ઉપયોગથી નોંધાયેલા વપરાશકર્તાઓ માટે આ સમય ઘટીને માત્ર 30 સેકન્ડ થઈ ગયો છે. આ સુધારાથી પ્રવાસન, મેડિકલ ટુરિઝમ અને બિઝનેસ પ્રવૃત્તિઓને મોટો વેગ મળશે.

### આપણે પાકિસ્તાનની...

કહ્યું કે, પાકિસ્તાનના મધ્યસ્થીના પ્રયાસોમાં કંઈ નવું નથી, 1981થી અમેરિકા તેનો ઉપયોગ કરતું આવ્યું છે, પરંતુ ભારત કોઈ 'દલાલ' દેશ નથી.

સરકારે સ્પષ્ટ કર્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રમુખ ટ્રમ્પને આ યુદ્ધ વહેલી તકે સમાપ્ત કરવા કહી દીધું છે કારણ કે તે દરેકને નુકસાન પહોંચાડી રહ્યું છે. વિપક્ષે જ્યારે સરકાર પર 'મૌન પ્રેક્ષક' હોવાનો અને ઈરાની નેતાના અવસાન પર મોડું શોક વ્યક્ત કરવાનો આરોપ લગાવ્યો, ત્યારે સરકારે જણાવ્યું કે વિદેશ સચિવે તાત્કાલિક ઈરાની એમ્બેસીની મુલાકાત લીધી હતી. ભારતની મુખ્ય ચિંતા ગલ્ફમાં રહેતા ભારતીયોની સુરક્ષા અને દેશની ઉર્જા જરૂરિયાતો છે.

સરકારે દાવો કર્યો કે ભારત પાસે તેલનો પૂરતો સ્ટોક છે અને હવે આપણે 41 દેશોમાંથી ક્રૂડ ઓઈલ મેળવી રહ્યા છીએ. હોર્મુઝની સામુદ્રધુનીમાં ફસાયેલા 18 જહાજોમાંથી 4 ભારત તરફી જહાજો સુરક્ષિત રીતે ત્યાંથી પસાર થઈ ચૂક્યા છે.

જોકે, કોંગ્રેસના તારિક અનવર સહિતના વિપક્ષી નેતાઓએ સરકારના જવાબોને 'અસંતોષકારક' ગણાવ્યા હતા અને લોકસભા તથા રાજ્યસભામાં આ મુદ્દે ખાસ ચર્ચાની માગ કરી હતી. વિપક્ષે આક્ષેપ કર્યો કે પાકિસ્તાન જેવો નાનો દેશ મધ્યસ્થી કરી રહ્યો છે જ્યારે ભારત માત્ર જોઈ રહ્યું છે. બેઠક બાદ સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું કે સરકારે તમામ પ્રશ્નોના વિગતવાર જવાબ આપ્યા છે અને અંતે વિપક્ષે પણ સંકટના સમયે સરકારને સમર્થન આપવાની વાત કરી છે.

### ઈરાને કરાચી...

વાત એ છે કે, આ ઘટના એવા સમયે બની છે જ્યારે પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફે અમેરિકા અને ઈરાન વચ્ચે મધ્યસ્થી કરવાની અને ઈસ્લામાબાદમાં બેઠક યોજવાની તૈયારી દર્શાવી છે. પાકિસ્તાનની આ 'શાંતિ દૂત' બનવાની ઉતાવળથી ઈરાન જરાય પ્રભાવિત થયું હોય તેમ લાગતું નથી. ઉલટાનું, કરાચી જઈ રહેલા જહાજને અટકાવીને ઈરાને પાકિસ્તાનને સ્પષ્ટ સંકેત આપ્યો છે કે આ વ્યૂહાત્મક જળમાર્ગ પર માત્ર

### દિલ્હી ડાયરી...

લખીને આ મુદ્દાને કેમ વણસાવ્યો. માઝી દેખીતી રીતે પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણી પહેલા આદિવાસી મતદારોની સહાનુભૂતિ મેળવવા માટે આ વિવાદને જીવંત રાખવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ ઉપરાંત, તેમની સરકારની નબળી કામગીરીના અહેવાલો વચ્ચે તેઓ આદિવાસી હિતોના રક્ષક તરીકે સક્રિય બન્યા છે.

**મીડિયા પર અંકુશ અને બેવડા ધોરણો**

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને કારણે કેન્દ્ર સરકારે ટીવી ન્યૂઝ ચેનલો સામે કડક વલણ અપનાવ્યું છે. ચાર અઠવાડિયા માટે ટીઆરપી રેટિંગ સ્થગિત કરવાની સાથે, સરકારે ટીવી ચેનલના મેનેજમેન્ટને એવી પણ અપીલ કરી છે કે તેઓ એકના એક દૃશ્યો વારંવાર ન બતાવે, કારણ કે તેનાથી લોકોના મન પર ખરાબ અસર પડે છે. એક જ દૃશ્યો વારંવાર ન બતાવવાની સલાહ પાછળ સરકારનું એવું માનવું છે કે તેનાથી લોકોમાં ગભરાટની ખોટી લાગણી ઊભી થઈ શકે છે. જ્યારે સમાચાર અહેવાલોમાં દેશના અનેક ભાગોમાં એલપીજી સંકટ વિશે વાત કરવામાં આવી, ત્યારે સરકારે ફરી એકવાર મીડિયાને તમામ દૃશ્યો પર તારીખ અને સમય સ્પષ્ટપણે દર્શાવવા વિનંતી કરી હતી. સરકારે વધુમાં ચેતવણી આપી હતી કે નાની ઘટનાને વારંવાર બતાવવાથી એવું લાગી શકે છે કે દેશમાં ગભરાટનો માહોલ છે. ટીવી ન્યૂઝ ચેનલો દ્વારા ફેલાવવામાં આવતા ગભરાટને રોકવા માટે ભાજપ સરકારની આ ચિંતા યોગ્ય છે. જોકે, નવાઈની વાત એ છે કે સત્તાધારી પક્ષે જ્યારે તેઓ વિપક્ષમાં હતા ત્યારે અલગ ધોરણો અપનાવ્યા હતા; તે સમયે તેમણે આવી કોઈ ચિંતા વ્યક્ત કરી ન હતી અને મીડિયા તત્કાલીન ડો. મનમોહન સિંહ સરકાર પર આકરા પ્રહારો કરી રહ્યું હતું.

**મુખ્ય પ્રવાહના મીડિયાનું પતન**

વિપક્ષે પણ મીડિયાને ચેતવણી આપી હતી. રાષ્ટ્રીય જનતા દળના સાંસદ મનોજ ઝાએ ટ્વીટ કર્યું: "પરંપરાગત રીતે, જ્યારે કોઈ વ્યક્તિનું અવસાન થાય ત્યારે અન્ય લોકો દ્વારા શોક સંદેશ લખવામાં આવે છે. મૃતકને ભાગ્યે જ પોતાના માટે તે લખવાની તક મળે છે. છતાં, જેને મુખ્ય પ્રવાહનું મીડિયા કહેવામાં આવે છે તેનો એક ભાગ ચોક્કસપણે એ જ કરી રહ્યો હોય તેમ લાગે છે; દરેક લાઈન અને દરેક પ્રસારણ સાથે તે ધીરજપૂર્વક પોતાનો જ શોક સંદેશ લખી રહ્યો છે. આ એક ખૂબ જ દુઃખદ નજારો છે, પરંતુ કદાચ એક પ્રામાણિક નજારો પણ છે. છેવટે, સંસ્થાઓ ઘણીવાર કોઈ અન્ય તેને જાહેર કરે તે પહેલાં જ પોતાના પતનને છતું કરી દેતી હોય છે."

## અનુસંધાન... પાના છેલ્લાનું

### મિલકત તબદિલી...

વ્યક્તિ મિલકતની તબદિલી સામે અરજી કરી શકશે. જેની સામે કલેકટરે કાર્યવાહી કરવાની રહેશે. અશાંતધારામાં થયેલી સુધારામાં કલેકટરને વિશાળ સત્તાઓ આપવામાં આવી છે. અશાંતધારા વિસ્તારને હવેથી સ્પેસિફાઈડ એરિયા તરીકે પણ ઓળખવાનો રહેશે.

ગુજરાત વિધાનસભામાં આજે મહેસૂલ રાજ્યમંત્રી સંજયસિંહ મહિડા દ્વારા રજૂ કરવામાં આવેલું 'ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ (સુધારા) વિધેયક-૨૦૨૬' પસાર કરવામાં આવ્યું હતું. આ સુધારા વિધેયકનો મુખ્ય ઉદ્દેશ્ય મિલકતોની ગેરકાયદેસર તબદીલી પર નિયંત્રણ લાવવાનો અને કાયદેસરના માલિકોના હિતોનું રક્ષણ કરવાનો છે.આ સુધારા દ્વારા રાજ્ય સરકાર મિલકતોના અનૈચ્છિક સ્થળાંતરને અટકાવવા અને સામાજિક સદભાવ જાળવી રાખવા માટે વધુ કડક પગલાં લેશે તેમ મહિડાએ જણાવ્યું હતું.

### શું શું...

છે, જેથી નાગરિકોને આર્થિક હાડમારી ન ભોગવવી પડે.■ **દેખરેખ અને સલાહકાર સમિતિઃ** આ સમિતિ હવે વિસ્તારની જાહેર વ્યવસ્થા અને કોમી તંગદિલીની સ્થિતિનો અભ્યાસ કરી રાજ્ય સરકારને વખતોવખત સલાહ આપશે.

### અશાંત વિસ્તારોમાં...

સવાલ ઉઠાવતા પૂછ્યું હતું કે, 'છેલ્લા 30 વર્ષથી રાજ્યમાં પંચાયતથી લઈને કોર્પોરેશન સુધી ભાજપનું શાસન છે, તો અત્યાર સુધી તમે શું કર્યું? શા માટે આ દબાણો રોકી શકાયા નથી?' આમ, મિલકતોના રક્ષણ માટે લાવવામાં આવેલા આ બિલની આડમાં વિધાનસભામાં રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ સત્તાધારી પક્ષની કામગીરીને લઈને સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે જોરદાર શાબ્દિક ટપાટપી જોવા મળી હતી.

### ખજોદની આગ...

ઇરાદાપૂર્વક આગ લગાડવામાં આવી હોવાની આશંકાઓ વ્યક્ત થઈ રહી છે. અગાઉ પણ ખજોદ ડમ્પિંગ સાઇટ પરથી કચરાનો વૈજ્ઞાનિક રીતે નિકાલ ન કરીને ખેતરોમાં નાખવાના પ્રકરણને કારણે સુરત મહાનગરપાલિકાની ભારે બદનામી થઈ હતી. તે સમયે જવાબદાર અધિકારીઓ સામે શોકોઝ નોટિસ અને બદલી જેવી કાર્યવાહી પણ થઈ હતી, પરંતુ તપાસ સમિતિની કાર્યવાહી હજી અધૂરી જ છે. માત્ર દોઢ મહિનાની અંદર જ બીજી વખત આવી વિકરાળ આગ ફાટી નીકળતા શંકાઓને વધુ બળ મળ્યું છે. ફાયર વિભાગની 10 ફાયર સ્ટેશનની 12થી વધુ ગાડીઓ સતત આગ બુઝાવવાના પ્રયાસમાં લાગી છે, છતાં સફળતા મળતી નથી.આ ઘટનાને લઈને રાજકીય સ્તરે આક્ષેપો ઉઠી રહ્યાં છે. આગ પર કાબૂ મેળવવામાં વિલંબ અને સતત ઉઠતા આક્ષેપોને કારણે મનપા તંત્ર પર ફરી એકવાર પ્રશ્નચિહ્ન ઊભું થયું છે.

### મનપાએ જીપીસીબીની...

ગાઈડલાઈન મુજબ ડમ્પિંગ સાઈટ પર મિથેન ગેસનું સતત મોનિટરિંગ અને તાપમાન વધે ત્યારે પાણીનો છંટકાવ જરૂરી છે, પરંતુ ખજોદ સાઈટ પર ફાયર સેફ્ટી અને પાણીની સુવિધા પૂરતી નથી તેવું સામે આવ્યું છે. પરિણામે આસપાસના વિસ્તારોમાં પ્રદૂષણ વધ્યું છે અને લોકોને શ્વાસ લેવામાં તકલીફ અનુભવાઈ રહી છે.

### ખજોદ આગ...

સુરતની હવા પ્રદૂષિત થઈ રહી છે અને નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં થઈ રહ્યા છે. દર્શન નાયકે માંગ કરી છે કે જીપીસીબી દ્વારા એર એક્ટ હેઠળ કડક કાર્યવાહી કરી મનપાને દંડ કરવામાં આવે અને જવાબદાર અધિકારીઓની જવાબદારી નક્કી કરવામાં આવે. જો આગામી દિવસોમાં આ મામલે કોઈ નક્કર તપાસ કે દંડાત્મક પગલાં લેવામાં નહીં આવે, તો ઉચ્ચ ન્યાયિક અને વહીવટી સત્તાઓ સમક્ષ કાયદેસરની કાર્યવાહી કરવાની ચીમકી પણ તેમણે ઉચ્ચારી છે.

### દુર્ગંધથી દિપલી,...

છે, પવનના વેગ સાથે આજુબાજુનાં ગામમાં ધુમાડાની કાળી ચાદર ફેલાઈ ગઈ હોય તેવું લાગી રહ્યું છે. સતત બીજા દિવસે પણ ફાયર બ્રિગેડની ટીમો સતત આગ ઓલવવાની કવાયતમાં લાગી હોવા છતાં આગ કાબૂમાં આવી ન હતી. અલગ અલગ ફાયર સ્ટેશનોની 15થી વધુ ગાડીઓનો કાફલો સાઈટ ઉપર આગ ઓલવવાની કવાયતમાં સતત લાગી રહ્યો હતો.

### કચરાની સમસ્યાનો...

સમસ્યા ઠેરની ઠેર છે. અગાઉ પણ આગ લાગી હતી અને હવે ફરીવાર આગ લાગી છે. આગ લાગવાના કારણે અમે ગ્રામવાસીઓને ખૂબ હાલાકી થાય છે. પરંતુ તંત્ર કોઈ નક્કર પગલા લઈ રહ્યું નથી.

### લાખો ટન...

વિકરાળ આગ લાગતા પરિસ્થિતિ વધુ ગંભીર બની છે. આ આગ હજી સુધી સંપૂર્ણપણે કાબૂમાં આવી નથી અને તેના કારણે શહેરમાં હવા પ્રદૂષણમાં ભારે વધારો નોંધાયો છે. ખજોદ સાઇટ પર લાખો ટન પ્લાસ્ટિક અને અન્ય ઘન કચરો સળગતા શહેરના વાતાવરણમાં ઝેરી ધુમાડો ફેલાઈ રહ્યો છે. પરિણામે બાળકો તથા વૃદ્ધોમાં શ્વાસની તકલીફ, એલર્જી અને ખાંસી જેવી સમસ્યાઓ વધી રહી છે. ફાયર બ્રિગેડની ટીમો દ્વારા આગ બુઝાવવાના પ્રયાસો છતાં આગ કાબૂમાં લાવવામાં વિલંબ થતો હોવાથી તંત્રની કામગીરી પર પ્રશ્નો ઉઠી રહ્યા છે. અગાઉ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા સૂચનાઓ આપવામાં આવી હોવા છતાં પાલિકા અને કોન્ટ્રાક્ટર દ્વારા યોગ્ય પગલાં ન લેવાતા ફરી આગ લાગવાની ઘટના બની હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

### તપાસ સમિતિની ધીમી ગતિ પર સવાલ

આ મામલે રચાયેલી તપાસ સમિતિ ત્રણ મહિનાથી વધુ સમય બાદ પણ સાઇટની મુલાકાત ન લેતા તેની કામગીરી પર સવાલો ઊભા થયા છે. નાયકએ આને "તપાસનું નાટક"ગણાવ્યું છે અને પુરાવા નષ્ટ કરવા ઈરાદાપૂર્વક આગ લગાડવામાં આવી હોવાની શંકા વ્યક્ત કરી છે.

### પોલીસ તપાસ અને CCTV ચકાસણીની માંગ

રજૂઆતમાં ખજોદ સાઇટ પર લાગેલા CCTV કેમેરાની તપાસ કરી સત્ય બહાર લાવવા તેમજ સમગ્ર મામલે પોલીસ ફરિયાદ નોંધાવી તપાસ શરૂ કરવાની માંગ કરવામાં આવી છે. નાયકએ જણાવ્યું કે અગાઉ પણ આ માંગણી કરવામાં આવી હતી પરંતુ પાલિકા તંત્ર દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યા નહોતા.

### સીડી ટ્રાન્સપોર્ટ...

જણાવ્યું કે, અગાઉ ૫૦૦૦ ટન કચરાના ગેરકાયદે નિકાલની ઘટના સામે આવી હોવા છતાં કોઈ કડક કાર્યવાહી કરવામાં આવી નથી.

### ઠગગુરુ પ્રદીપ...

બહાર આવે તેમ છે. વોટ્સએપની ચેટિંગ પણ બતાવવામાં આવી છે, પરંતુ આ ચેટિંગ યોગગુરુની સાથે છે કે બીજા સાથે તે પણ તપાસનો વિષય બન્યો છે.

### 2 દિવસમાં...

હતી. પેટ્રોલનો પ્રારંભિક સ્ટોક 95.78 લાખ લિટર હતો, જેમાંથી 10.36 લાખ લિટર પેટ્રોલનું વેચાણ થયું હતું, જે સોમવારની સરખામણીએ નોંધપાત્ર રીતે ઓછું છે.

ડિઝલના મામલે પણ આવું જ ચિત્ર જોવા મળ્યું હતું. 1.35 કરોડ લિટર સ્ટોકમાંથી માત્ર 21.59 લાખ લિટર ડિઝલનું વેચાણ થયું હતું. દિવસના અંતે પેટ્રોલનો સ્ટોક 85.42 લાખ લિટર અને ડિઝલનો સ્ટોક 1.14 કરોડ લિટર રહ્યો હતો.

### સી-ફેસ 9...

થઈ રહી છે. હાલમાં પ્રોજેક્ટનો સમય સવારે 10થી સાંજે 7 વાગ્યા સુધીનો છે, પરંતુ શહેરજનોની માંગને પગલે તેને રાત્રે 9 વાગ્યા સુધી વધારવાની શક્યતા છે, જેથી સૂર્યાસ્ત પછીની લાઈટિંગનો આનંદ પણ લઈ શકાય. મનપાએ નાગરિકોને આ આધુનિક સુવિધાને સ્વચ્છ રાખવા સહકાર આપવા અપીલ કરી છે.


**વડોદરા મહાનગરપાલિકા**

www.vmc.gov.in

**ઈ- ટેન્ડરીંગ જાહેરાત**

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઈજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઈજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં. | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧૩૩૧/૨૫-૨૬ | ડ્રેનેજ પ્રોજેક્ટ | ૦૧ | ૧,૧૬,૭૧,૧૫૮/- |
| ૨ | ૧૩૩૯/૨૫-૨૬ | મિકેનિકલ વિભાગ | ૦૧ | ૧,૮૩,૦૦,૦૦૦/- |
| 3 | ૧૩૪૧/૨૫-૨૬ | આરોગ્ય વિભાગ | ૦૧ | ૪૦,૦૦,૦૦૦/- |
| ૪ | ૧૩૪૩/૨૫-૨૬ | ડ્રેનેજ પ્રોજેક્ટ | ૦૧ | ૫૭,૪૨,૭૧૨/- |
| ૫ | ૧૩૪૫/૨૫-૨૬ | ડ્રેનેજ -વ.ગ.પ્રોજેક્ટ | ૦૨ | ૨,૭૨,૮૭,૭૦૦/- |

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૧૩૪૭/૨૦૨૫-૨૬ જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત



**જાહેર નિવિદા નં. ૨૪/૨૦૨૫-૨૬(ચોથો પ્રયત્ન)**

ગુજરાત રાજ્યના નામદાર રાજ્યપાલશ્રી વતી ડી.પી.આઈ.યુ. અને કાર્યપાલક ઈજનેર, ડાંગ પંચાયત (મા*મ) વિભાગ આહવા જિ. ડાંગ ફોન નં (૦૨૬૩૧) ૨૨૦ ૩૩૬ દ્વારા ડાંગ જિલ્લાના ટી.એ.એસ.પી.૨૦૨૩-૨૪ યોજના અંતર્ગત નીચે મુજબના કામ માટે ઓનલાઈન ઈ-ટેન્ડરમાં જણાવ્યા મુજબના રજીસ્ટર્ડ ઈજારદારશ્રીઓપાસેથી ભાવો માંગવામાં આવે છે. આ કામોની ઈ-ટેન્ડરની સંપૂર્ણ વિગતો વેબ સાઈટ "http://tender.nprocure.com" ઉપર થી જોવા મળશે.

(૧) જરૂરી દસ્તાવેજો સ્કેન કરીને મુકવાના રહેશે.

(૨) દરેક દસ્તાવેજોની હાર્ડ કોપી તથા ટેન્ડર ફી, એફ.ડી.આર., આર.પી.એડી. થી કાર્યપાલક ઇજનેરશ્રી ડાંગ પંચાયત (મા*મ) વિભાગ આહવાની કચેરી જિલ્લા પંચાયત ભવન આહવા-ડાંગને સબમીશનની છેલ્લી તારીખ થી દિન-૦૭ સુધીમાં પહોચતા કરવાના રહેશે.

(૩) સોલવંશી સર્ટિફીકેટ તાજેતરના કેલેન્ડર વર્ષ-૨૦૨૬નું માન્ય રાખવામાં આવશે.

| | |
|---|---|
| ઓનલાઈન ટેન્ડર જોવાની તારીખ | ૨૫/૦૩/૨૦૨૬ |
| ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ અને સમય | ૨૪/૦૪/૨૦૨૬, ૧૮.૦૦ કલાક |
| બીડ ખોલવાની તારીખ | ૨૪/૦૪/૨૦૨૬ |

| ક્રમ | કામનું નામ | રકમ રૂ. લાખમાં | ટેન્ડર ફી |
|---|---|---|---|
| ૧ | મુરંબી ગામમાં આંતરિક રસ્તાનું કામ તા.વઘઇ જી.ડાંગ | ૧૬.૬૬ | ૯૦૦/- |
| ૨ | સાકરપાતળ ગામમાં આંતરિક રસ્તાનું કામ તા.વઘઇ જી.ડાંગ | ૨૪.૯૯ | ૯૦૦/- |

આ કામોના ટેન્ડર દસ્તાવેજો ફક્ત ઈલેક્ટ્રોનીક ફોરમેટમાંજ જોવા મળશે અને વેબસાઈટ "http://tender.nprocure.com" પરથી ડાઉપલોડ કરી શકાશે.

ક્રમાંકઃમાહિતી/ડાંગ/૨૭૮/૨૦૨૬

કાર્યપાલક ઈજનેર
ડાંગ પંચાયત (મા*મ) વિભાગ
આહવા